જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૧/૧૧/૨૦૧૮ બુધવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૬૯/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૪૦ વ્યક્તિઓને ઝડપી, ૭૪ લીટર દેશી દારૂ, ૨ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી ૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૩૬૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૭૦/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૭૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી-૯૩ મુજબ ૧૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૨૭૧/૧૮**

**માધવપુરાઃ** સતીષકુમાર રામવિલાશ પ્રસાદ (ઉ.વ.૪૮)(રહે.રાધે બંગ્લો ખોખરા સર્કલ પાસે ખોખરા) એ તા.૨૦/૧૧/૧૮ નારોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૬/૨૦૧૬ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી અશ્ર્વીન કાંતીલાલ આચાર્ય (રહે.મનાલી એપાર્ટમેન્ટ મુસાસુહા કબ્રસ્તાન સામે શાહીબાગ) એ સતીષકુમારને પોતે બિલ્ડીંગ કંન્ટ્રક્શનનો ધંધો કરતા હોય પોતાની મુંબઈ ખાતેની સ્કીમમાં ફ્લેટ નં-૩૦૪ ત્રીજો માળ લક્ષ્મીપાર્ક ઘર નંબર ૧૦૫૦, ૦૨૮૫, ૦૨૮૫-0001 કોપરખેરાની નવી મુંબઇ તા.જી. થાણે ખાતેના ફ્લેટ વેચાણ કરવાનુ કહેતા, બંન્ને વચ્ચે ફ્લેટ માટે વેચાણ બાનાખત કરી તેના અવેજ પેટે રૂપિયા ૩૫,00,000/- સતીષકુમાર પાસેથી મેળવી લઇ ફલેટ આજદિન સુધી વેચાણ નહી આપી તેમજ ચુકવેલ નાણા પરત નહી આપી સતીષભાઇ સાથે વિશ્ર્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એન.દેસાઈ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૨૭૨/૧૮**

**ઘાટલોડીયાઃ** નિકુલભાઇ કીરીટભાઇ ચૌહાણ (રહે.દેશવાલી સોસાયટી કે.કે.નગર રોડ ઘાટલોડીયા) એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૧૧/૧૮ કલાક ૧/૪૫ થી ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૨,૪૬,૯૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.આર.ગામીત ચલાવે છે.

**નવરંગપુરાઃ** વિરેન્દ્રભાઇ માલચંદભાઇ લાહોટી (રહે.આશ્રય-૯ ખોડિયાર મંદિરની બાજુમાં, ન્યુ રાણીપ) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૧૧/૧૮ સાજના ૭/૪૫ થી તા.૨૦/૧૧/૧૮ સવારના ૯/૪૫ વાગ્યા દરમ્યાન નવરંગપુરા આશ્રમ રોડ એચ.કે. કોલેજની બાજુમા ચીનુભાઇ ટાવર ખાતે આવેલ પોતાની એ/૧૩૭ "મેરીનો ઇન્ડસ્ટ્રીઝ લિમીટેડ" નામની પોતાની ઓફીસની પાછળની બારી ખોલી, અજાણી વ્યક્તિ ઓફીસમાં પ્રવેશ કરી, ડ્રોવરમાંથી રોકડ રૂપિયા ૫૨,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એ.પરમાર ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** જીતેશ ઉર્ફે ભોલો વિનોદભાઇ પંચાલ (રહે.લવ બંગ્લોઝ રૂગ્વેદ હોસ્પીટલ પાસે સરદાર ચોક કૃષ્ણનગર) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૧૧/૧૮ કલાક ૧/૦૦ થી કલાક ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના ઉપરના રૂમના દરવાજાની સ્ટોપર ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૪,૪૫,૦૦૦/- તથા મકાન નંબર-૨૬ માંથી રૂપિયા ૧૦૦૦/- મળી કુલ રૂપિયા ૪,૪૬,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.આર.ચૌધરી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.